# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

**ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૩૯ • તા.૦૭ જાન્યુઆરી થી ૧૩ જાન્યુઆરી ૨૦૨૩**



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# શિખરજી અને શત્રુંજય તીર્થની સમસ્યાઓ સુમેળતાથી ઉકેલવા હિતેશ મોતાનું મહત્વનું યોગદાન






insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# અનુભવ એટલે ઉત્તમ પાઠશાળા

સારા કે ખરાબ દરેક પ્રકારના અનુભવો થવા જરૂરી છે. કાર્યમાં સફળતા મળે કે નિષ્ફળતા એનું જરાપણ મહત્વ નથી. કામનો અનુભવ મળે એનું જ મહત્વ છે અને  હોવું જોઈએ કારણ કે અનુભવથી માણસ ઘડાય છે. સારા કે વિકટ સમયમાં ગુજરનાર જ્ઞાનથી, સમજથી અને અનુભવથી તરબતર થાય છે. વિચારો સિધ્ધાંતો અને કલ્પનાઓની પરખ સમયની કસોટીના એરણ પર થતી હોય છે. દુ:ખના હોય કે સુખના. અનુભવો આખરે અનુભવો છે. અનુભવો નો કોઈ વિકલ્પ નથી. પર્યાય નથી. અનુભવ એક એવું ટાંકણું છે જે એક પથ્થરને ઘડીને મૂર્તિનો આકાર આપે છે. અનુભવ જીવન ઘડતરનું શિક્ષણ છે. જે માણસની જ્ઞાન સીમાને સમજણની હદને વિસ્તૃત કરે છે.

વ્યક્તિ નાની ઉંમરનો હોય ત્યારે માતાપિતાના સુરક્ષાચક્રમાં જીવતો હોય છે, વિકસતો હોય છે. જેથી અનુભવ ગ્રહણથી તે વંચિત રહે છે. મોટો થાય ત્યારે આગ્રહ દુરાગ્રહ અને પૂર્વગ્રહના કારણે અનુભવો મેળવવાથી વંચિત રહી જાય છે. જાત અનુભવ ન થાય ત્યાં સુધી માણસના મનમાં અન્ય પ્રત્યેની ગેર સમજણો અને ગેર માન્યતાઓ ગ્રસ્ત થઈ જાય છે. એટલે સામેવાળી વ્યક્તિને અલગ નજરથી જુએ છે. માણસો પ્રત્યેના તેના વિચારો, વ્યવહારો અને વર્તન અલગ પ્રકારનું હોય છે. જે અનુભવને કારણે બદલાઈ શકે છે. મૈત્રી, પ્રેમ અને લગનથી લઈને સંતાનોના જન્મ, ઉછેર અને પરિવારજનોના મૃત્યુ સુધી જીવનની અઢળક ઘટનાઓથી મળતા અનુભવો એક નવી દિશા આપે છે.

અનુભવો બે પ્રકારે મળે છે. સ્વજાતને મળતા અને અન્યના જીવનને નજીકથી જાણી, સાંભળી કે માણીને આપણે ગ્રહણ કરતા અનુભવો. જાતને મળેલ અનુભવો આત્માની સોંસરા ઉતરી જાય છે જ્યારે અન્ય પરના અનુભવો ઉપલકિયા જ્ઞાન જેવા હોય છે. જે માથા પરથી સોંસરા નીસરી જાય છે. જ્યારે જાતને મળેલા અનુભવો મન, હૃદયને પણ આરપાર થઈ અમીટ છાપ છોડી જાય છે. જે જિંદગીભર સ્મૃતિમય રહે છે. એની સમજ જો ગ્રહણ કરીએ તો ઉત્કૃષ્ટ જ્ઞાન આપી જાય છે. જાત અનુભવ વિના ભાત થતી નથી. કોઈની કથની સાંભળી એ તો સમજણ મળે, જાણવા મળે પણ અનુભવનો સચોટ અને અક્સીર ગુણ જાત અનુભવ થકી જ મળે છે.

કોઈને ગોળી વાગે તેનાથી આપણને અરેરાટી થાય. પણ, એનો ઘા વાગવાથી જે પીડા, યાતના, દર્દ થાય તે તો જાત અનુભવથી જ મળે એ દેખીતી વાત છે. ઘણી એવી બાબતો એવી હોય છે જાતે અનુભવ્યા વિના માત્ર વિચાર કરવાથી સચોટ પણે સમજ નથી પડતી. આ તો આપ મુઆ વિના સ્વર્ગ ન જવાય એવી વાત છે. અનુભવોની તીવ્રતા વર્ષો જેમ વીતે તેમ તેમ તેજ થાય છે, ધારદાર થાય છે. એનાથી પુખ્તતા મળે છે તો કેટલાક અનુભવો વર્ષો વિતતા પાઠ ગ્રહણની અસરકારતા ગુમાવી બેસે છે. એટલે જાતને મળેલ અનુભવ પાઠશાળાની ગરજ સારે છે. અનુભવના અભ્યાસથી જ માણસ ઘડાય છે.

– જય જ્ઞાતિમૈયા

# સમજણ અને સાવધાનીથી સમસ્યા ઉકેલો

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આપણી સામે થતા વિરોધને કે થતી ટીકાને આપણે કોઈપણ જાતના પ્રતિભાવ નહીં આપીને મહાત કરી શકીએ. સાચી વાતમાં ગુસ્સે થયાં વગર સામા માણસને સમજવાનો પ્રયાસ કરીએ તો ખોટા વાદ-વિવાદને ટાળી શકાય. કોઈપણ ક્ષેત્રમાં હોઈએ ત્યાં કામ કરતા સાથે રહેતા લોકો વચ્ચે કોઈને કોઈ બાબતે ઘર્ષણ થતું રહેવાનું છે. કારણ કે સ્વભાવમાં કે વિચારમાં સમાનતા નથી. તેથી ક્યાંયને ક્યાંય મનમાં ઘાવ લાગે છે. કેટલીક વખત એકનો ગુસ્સો બીજાની ઉપર ઉતરે છે. તો ક્યારેક જૂના પૂર્વગ્રહો કે જૂની વાતો મનમાં રહેલ હોય એ કોઈપણ બહાનું મળી જતાં રોષ પ્રજ્વલિત બની બહાર પ્રગટે છે.

કેટલાક જણ એવા અધીરા હોય છે હોય છે કે કોઈપણ વાત કે રજૂઆતને સમજ્યાં વગર મિજાજ ગુમાવે છે. તેમને ગમે ત્યારે આડું પડી જાય. કોઈપણ સારી વાત સાચી વાત કહો તો પણ પાછા પડવું પડે. કેટલાક લોકો આડું જોવા માટે ટેવાયેલા હોય છે. તેમને ગમે તેટલું સારૂં થયું હોય પરંતુ ખોડમાં પણ કાઢ્યા વગર ચેન જ પડતું નથી. તેમની વાંક દેખાડવાની ટેવ છૂટતી નથી.

પરિવાર કે સમાજ કે સામૂહિક ક્ષેત્રમાં જ્યારે આપણે સૌની સાથે રહીને કામ કરતાં હોઈએ ત્યાં બિનજરૂરી વિરોધ કે ટીકા નિંદાથી દૂર રહેવું જોઈએ. આ બધી બાબતોને પોતપોતાની મર્યાદા હોય છે. કેટલાક માણસો માત્ર ઈશારાથી સમજી જાય છે. તો બીજા કેટલાક એવા પણ હોય છે જે કોઈ વાત કાને ગ્રહણ જ ન કરે. કોઈ ટીકા ટિપ્પણી હોય કે પ્રશંસાના બોલ તે એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાંખો. વિરોધની વાત કે ટીકા નિંદા સહન કરવાની દરેકની સ્વભાવિક મર્યાદા હોય છે. કેટલાક લોકો બહુ ટચી હોય છે. જરા અમથી ટકોર કરો એટલે તેમને ખોટું લાગી જાય. આ પ્રકારની વ્યક્તિઓના મનમાંથી આ વર્તાય ક્યારે ભૂલી ન શકાય. મનમાંને મનમાં દિવસ રાત તે વાત ઘૂમરાયા કરે. એને લીધે પોતે જાતે દુઃખી થાય અને અન્યોને દુઃખી કરે. સારો વાતાવરણ સર્જવા આવી વાતો મનમાંથી હાંકી કાઢવી જોઈએ ને જલ્દી ભૂલી જવી જોઈએ. દરેક વાતોને સાચી રીતે સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

જ્ઞાની પુરૂષો તો જીવનના પરમ સિધ્ધાંતોને સમજાવતા કહે છે કે સમાજમાં એવા કેટલાય માણસો હોય છે તેની સાથે બને ત્યાં સુધી સંઘર્ષમાં ઊતરવું નહીં, આવા માણસોનો વિરોધ કરીએ, આડા ઊતરીએ તો સરવાળે આપણને જ નુકસાન થાય. જેમાં ઘરની ગૃહિણી, જેને સતત ટોકતા રહીએ તો પરિણામ વિપરીત આપણને ભોગવવો પડે. મૂર્ખનો વિરોધ કરવો એટલે દીવાલ ઉપર માથું ભટકાવવું. શસ્ત્રધારીનો વિરોધ કે સામનો ઠાલા હાથે ન કરવો. આપણો ભેદ જાણનારનો, જાણ ભેદુઓનો પણ ખૂલ્લો વિરોધ આપણ ને જ નુકસાની કરાવે. શઠ, ધુતારાને માથા ભારે એટલે કે ગામના ઉતાર જેવા તત્વોનો ખૂલ્લા પણે સામનો ન કરવો. અતિ ધનવાન સામે પણ વિરોધ કરવા માટે બુધ્ધિપૂર્વક પગલાં ભરવા. વૈદ, ડોક્ટરને વકીલોની સામે પણ સમજપૂર્વક સામે થવું. જ્ઞાની ગુણીજનને કવિ,, ભાટ, ચારણનો વિરોધ કરવા એમાં સમજદારી દાખવવી. આમ ડગલે ને પગલે સમજપૂર્વક સાવચેતીથી પગલાં લેવા. આમ બને ત્યાં સુધી મતભેદ, વાદવિવાદને મનભેદ સમજદારી રાખીને ઉકેલવા એમાં જ સમજદારી છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શિખરજી અને શત્રુંજય તીર્થની સમસ્યાઓ સુમેળતાથી ઉકેલવા હિતેશ મોતાનું મહત્વનું યોગદાન

## અધ્યાત્મ પરિવારના ટ્રસ્ટી હિતેશભાઈ મોતાની આગેવાની હેઠળ જૈનોના પ્રતિનિધિ મંડળને કેન્દ્રીય પ્રધાન દ્વારા પોઝિટીવ પ્રતિભાવ મળ્યો

તા.૨ જાન્યુઆરી સોમવારના દિલ્હી ખાતે અધ્યાત્મ પરિવારના ટ્રસ્ટી હિતેશભાઈ મોતા, લલિતભાઈ ગાંધી, સંદીપભાઈ ભંડારી અને બિપિનભાઈ જૈન કેન્દ્રના ટૂરિઝમ, કલ્ચરલ અને ડેવલોપમેન્ટ ખાતાના પ્રધાન જી.કિશન રેડ્ડી સાથે મહત્વની મુલાકાત યોજાઈ હતી.

આમાં વર્તમાનમાં જૈન તીર્થની બાબતે થયેલી સમસ્યા બાબતે સમગ્ર જૈન સમાજ ચિંતા અનુભવે છે તેની રજૂઆત મોવડી મંડળ દ્વારા કરાતા કેન્દ્રીય પ્રધાન જી.કિશન રેડ્ડીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે 'મેં લોકસભામાં પણ કહ્યું છે કે સમસ્ત જૈનોના આસ્થા તીર્થ શ્રી સમેતશિખરજી મહાતીર્થને અમે ટૂરીઝમ પ્લેસ એટલે કે પર્યટન સ્થળ તરીકે જાહેર નહીં જ કરીએ અને જે નોટિફિકેસન જાહેર થયું છે. તેમાં અમે ૫ થી ૭ દિવસમાં સુધારો કરી દઈશું. અમારી એવી કોઈ હીન ભાવના નથી કે જૈનોની શ્રધ્ધા અને આસ્થાને થોડી ઘણી પણ ઠેસ પહોંચે.'

ઉચ્ચ સ્તરે સતાવાર રીતે આ સ્પષ્ટીકરણ મળવાથી જૈન સમાજને મોટી રાહત મળી છે.


जी. किशन रेड्डी

G. Kishan Reddy
Minister of Culture, Tourism and Development of North Eastern Region
Government of India

सत्यमेव जयते

...दिसम्बर, 2022

आदरणीय श्री हेमंत सोरेन जी,

सादर नमस्कार

सादर,

आपका,

(जी. किशन रेड्डी)

श्री हेमंत सोरेन
माननीय मुख्यमंत्री,
झारखंड सरकार,
कांके रोड, रांची, झारखंड-834008

परिवहन भवन, संसद मार्ग, नई दिल्ली-110001 दूरभाष: 91-11-23717969, 23710431
Transport Bhawan, Parliament Street, New Delhi-110001 Tel.: 91-11-23717969, 23710431

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જૈન અગ્રણીઓના પ્રતિનિધિ મંડળની કેન્દ્રીય પર્યાવરણમંત્રી સાથેની મિટીંગ પછી પારસનાથ શ્રી સમેત શિખરજી તીર્થ પવિત્રતા માટે સંમતિ થઈ



પારસનાથ શ્રી સમેત શિખરજી તીર્થ સ્થળને પર્યટન સ્થળ ઘોષિત કરવાના નિર્ણયને પગલે સમગ્ર જૈન સમાજનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો હતો. દેશભરમાં ઠેરઠેર રેલીઓ નીકળી આ નિર્ણયનો વિરોધ કરતાં આવેદન પત્રો સત્તાવાળા સમક્ષ રજૂ કરાયા હતા.

તા.૫ જાન્યુઆરી ગુરૂવારના એક મહત્વના ઘટનાક્રમમાં જૈન સમાજના પ્રતિષ્ઠિત અગ્રણીઓનું એક પ્રતિનિધિ મંડળ અખિલ ભારત શ્રી જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન યુવક મહાસંઘના ઈન્ટરનેશનલ ચેરમેન સુનીલ સિંઘીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણમંત્રી ભૂપેન્દ્રજી યાદવને મળ્યું. પ્રતિનિધિ મંડળમાં સામેલ મંગલપ્રભાતજી લોઢા, અધ્યાત્મ પરિવારના હિતેશભાઈ મોતા, શ્રીપાલજી, અશોકભાઈ જૈન, સંતોષજી જૈન, ઓમપ્રકાશજી શિખરચંદ પહાડિયા, રમેશ મુથા ચેન્નઈ, ગૌતમ જૈન ચેન્નઈ, સુનીલ ગાંગ ઈન્દૌર વિગેરે હતા.

જૈન પ્રતિનિધિ મંડળએ વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ સમક્ષ જૈન સમાજની ભાવનાઓ તેમની સમક્ષ રજૂ કરી તીર્થક્ષેત્રને પર્યટન સ્થળ બનાવવાની ઘોષણાને રદ કરવાનો અનુરોધ કર્યો. વિવિધ વિચાર વિમર્શ થઈ અને નિર્ણાયત્મક રીતે મિટીંગ સફળ રહી અને એમાં મહત્વના નિર્ણયો પણ લેવાયા. કેન્દ્રીય પ્રધાન દ્વારા સાંજે ૫ વાગે પ્રેસ કોન્ફરન્સ યોજી સરકાર દ્વારા અધિસૂચના પ્રકટ કરવાનો નિર્ણય કરાયો હોવાનું જણાવાયું હતું.

કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૯ના નોટિફિકેશન સામે સ્ટે આપીને ઝારખંડ રાજ્યના પર્યાવરણ સૂચના અપાઈ હતી. માંસ મદિરાનું વેચાણ, સેવન પર પ્રતિબંધ તથા લાઉડ સ્પીકર કે ડીજે ગીતો વગાડવા બંધી મૂકી તેનું કડકપણે પાલન કરવા જણાવાયું છે. ગેરકાયદેસર કેમ્પિંગ અને ટ્રેકિંગ પર મનાઈ મૂકાઈ છે. તે સાથો સાથ કેન્દ્ર સરકાર વિશેષ સમિતિની રચના કરશે. જેમાં જૈન સમુદાયના બે સભ્યો અને સ્થાનિક આદિવાસી સમુદાયના એક સભ્યનો સમાવેશ કરાશે.

આમ સમગ્ર દેશમાંથી થયેલ વિરોધ વંટોળ અને જૈન આગેવાનોના સક્રિય ઉચ્ચ સ્તરે કરાયેલ મિટીંગના દોર બાદ આખરે વિવાદ ઉપર પૂર્ણ વિરામ મૂકાયું છે જે પગલું સમગ્ર જૈન સમાજ માટે રાહત રૂપ છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સંજીવની યોજનામાં યુરેનિયમ પેટ્રોન તરીકે જોડાનાર દાતાની ઉદારતાની અનુમોદના

શ્રી સમસ્ત કચ્છી દસા ઓસવાલ જૈન મહાજનની વિવિધ સમિતિઓ પોતપોતાને આપેલ કાર્યક્ષેત્રમાં વિધવિધ યોજના દ્વારા જ્ઞાતિજનોની હિત અને લાભ આપતી પ્રવૃત્તિઓ કરી ઉપયોગી યોગદાન આપી રહી છે.

સમસ્ત મહાજનની સદાબહાર મેડિકલ સમિતિ સંજીવની યોજનાના માધ્યમથી ઓચિંતી અને અણકલ્પેલી આપદામાં સપડાતા નાના, નબળા અને મેડિકલેમના છત્ર વિહોણા જ્ઞાતિજનોની કારમી પીડાને હળવી બનાવવા સહાયક બને છે. ક્રાઉડ ફંડીગ દ્વારા મેડિકલ ટ્રીટમેન્ટ માટેનું ભંડોળ ઉદારદિલ દાતાઓના સાથથી જમા કરી અરજીકર્તાને પહોંચાડે છે એ પણ નામ માત્ર સમય મર્યાદામાં આજ સુધી લગભગ ૯૨ કેસ આ દ્વારા સહાય મેળવી સ્વસ્થતા પામ્યા છે.

આ યોજનાની સફળતાના પાયા પથ્થર વિવિધ દાતાઓ છે. તેમના સદ્ભાવ અને ભલી લાગણીને મેડિકલ સમિતિ વિસરી ન શકે. સંજીવની યોજનામાં વિવિધ પેટ્રર્ન દાતાઓ સમયાંતરે જોડાઈ પોતાનો અમૂલ્ય યોગદાન જ્ઞાતિજનોના લાભાર્થે સમર્પિત કરે છે.




પારકાનું હિત હૈયે ધરી પરગજુ ભાવનાથી માતુશ્રી લક્ષ્મીબેન હીરજી વાલજી લાલકા કચ્છ સુજાપુર-હાલે દાદર ઈસ્ટ મુંબઈ એ વડીલોની પુણ્યસ્મૃતિ જીવદયા અને સુપાત્ર કર્તવ્યને સાર્થક કરવા માટે રૂા.૧૧ લાખનું ઉદાર અનુદાન મેડિકલ સમિતિની સંજીવની યોજના માટે આપી સંજીવની યુરેનિયમ પેટ્રન તરીકે સહભાગી થયા છે. દાતા પરિવારની આ ઉદાર સહાય ભાવનાની સરાહના કરી તેમના ભલા ભાવને નમન કરતાં ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

# ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| Loan | Rate |
|---|---|
| HOME LOAN | *7.49% (p.a.) |
| CAR LOAN | *7.49% (p.a.) |
| eAUTO LOAN | *7.49% (p.a.) |
| GOLD LOAN | *7.70% (p.a.) |
| LOAN AGAINST PROPERTY | *7.75% (p.a.) |
| LOAN AGAINST INSURANCE POLICY | *7.75% (p.a.) |
| TRADE LOAN | *8.50% (p.a.) |

* Terms & Conditions Apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com @ ArihantBank

# મેડિકલ સમિતિની સંજીવની યોજનાના પાંચ સુવર્ણ પેટ્રોન થનાર દાતાઓ અને તેમના પ્રેરક બનનાર જ્ઞાતિ પરિવારની અનુમોદના

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



**શેઠશ્રી માણેકજી નરશી લોડાયા (બાબુ શેઠ)** - ગુંદરવાલા
**માતુશ્રી હિરબાઈ માણેકજી લોડાયા,** ગામ દેવી - ગુંદરવાલા
કચ્છ, વરાડીયા

**Haste:** Hiren Hemant Shah, Natasha H Shah, Mason & Chase H Shah
Hiten Hemant Shah, Jenifer H Shah ,
Jackson Kalp & Baby Avery Shah. Winnipeg, Canada.

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 51,000**

મૂળ કચ્છ વરાડીયા હાલે વિન્નિ પેગ કેનેડાના ઉદ્યોગપતિ અને અગ્રણી હેમંતભાઈ માણેકજી લોડાયા ગુંદરવાળા પરિવારના હિરેન હેમંત શાહ, નતાશા હિરેન શાહ, મેસોન, ચેઝ એચ.શાહ, હિતેન હેમંત શાહ, જેનિફર હિતેશ શાહ, જેકસન, કલ્પ અને બેબી અવેરી શાહ શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજનની મેડિકલ સમિતિની અદ્‌ભૂત અને અકલ્પનીય સફળ યોજના સંજીવની યોજના જે જ્ઞાતિજનોને માટે સંકટ સમયની સાંકળ બની રહી છે તેમાં પેટ્રોન તરીકે જોડાવવા પાંચ પરિવારને પ્રેરિત કર્યા અને આંગળી ચિંધવાનું પુણ્ય કમાવ્યું આ પ્રેરણાદાયી કાર્ય માટે તેમની અનુમોદના.

માનવ ધર્મ પરોપકારનો પર્યાયી શબ્દ છે. એ સત્યને સાર્થક કરતા શેઠ શ્રી માણેકજી નરશી લોડાયા (બાબુ શેઠ) ગુંદરવાળા, માતુશ્રી હિરબાઈ માણેકજી લોડાયા કચ્છ વરાડીયા-ગામદેવી મુંબઈ આ પરિવારએ રૂા.૫૧ હજારનું ઉદાર અને અમૂલ્ય યોગદાન નોંધાવી સંજીવની સુવર્ણ પેટ્રોન તરીકે સહયોગ બન્યા છે. તેમના પુણ્ય કાર્યની અને જ્ઞાતિહિત ભાવના કદર કરી બહોળા મનભાવથી મોકળાશ ભેર અનુમોદના કરી. તેમના વિચાર અને જ્ઞાતિજનો પ્રત્યેના હેત ભાવની નોંધ લઈ અનુમોદના કરીએ છીએ.

# મેડિકલ સમિતિની સંજીવની યોજનાના પાંચ સુવર્ણ પેટ્રોન થનાર દાતાઓ અને તેમના પ્રેરક બનનાર જ્ઞાતિ પરિવારની અનુમોદના

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



**શેઠશ્રી ધનરાજ ઠાકરશી કુરવા**
**શ્રીમતી ધનલક્ષ્મી ધનરાજ કુરવા** (ગામ દેવી)
કચ્છ, ગોધરા

**Haste:** Hiren Hemant Shah, Natasha H Shah, Mason & Chase H Shah
Hiten Hemant Shah, Jenifer H Shah ,
Jackson Kalp & Baby Avery Shah. Winnipeg, Canada.

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 51,000**

માનવ ધર્મ પરોપકારનો પર્યાયી શબ્દ છે. એ સત્યને સાર્થક કરતા શેઠ શ્રી ધનરાજ ઠાકરશી કુરવા, શ્રીમતી ધનલક્ષ્મી ધનરાજ કુરવા ગોધરા કચ્છ-ગામદેવી મુંબઈ આ પરિવારએ રૂા.૫૧ હજારનું ઉદાર અને અમૂલ્ય યોગદાન નોંધાવી સંજીવની સુવર્ણ પેટ્રોન તરીકે સહયોગ બન્યા છે. તેમના પુણ્ય કાર્યની અને જ્ઞાતિહિત ભાવના કદર કરી બહોળા મનભાવથી મોકળાશ ભેર અનુમોદના કરી. તેમના વિચાર અને જ્ઞાતિજનો પ્રત્યેના હેત ભાવની નોંધ લઈ અનુમોદના કરીએ છીએ.

# મેડિકલ સમિતિની સંજીવની યોજનાના પાંચ સુવર્ણ પેટ્રોન થનાર દાતાઓ અને તેમના પ્રેરક બનનાર જ્ઞાતિ  પરિવારની અનુમોદના

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



**શેઠશ્રી શાંતિલાલ જેઠાભાઇ ખોના**
**માતુશ્રી જયાબાઈ એસ. ખોના**
કચ્છ-તેરા, મુલુંડ

**Haste:** Hiren Hemant Shah, Natasha H Shah, Mason & Chase H Shah
Hiten Hemant Shah, Jenifer H Shah ,
Jackson Kalp & Baby Avery Shah.     Winnipeg, Canada.

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 51,000**

માનવ ધર્મ પરોપકારનો પર્યાયી શબ્દ છે. એ સત્યને સાર્થક કરતા શેઠશ્રી શાંતિલાલ જેઠાલાલ ખોના, માતુશ્રી જયાબાઈ શાંતિલાલ ખોના કચ્છ તેરા મુલુંડ આ પરિવારએ રૂ.૫૧ હજારનું ઉદાર અને અમૂલ્ય યોગદાન નોંધાવી સંજીવની સુવર્ણ પેટ્રોન તરીકે સહયોગ બન્યા છે. તેમના પુણ્ય કાર્યની અને જ્ઞાતિહિત ભાવના કદર કરી બહોળા મનભાવથી મોકળાશ ભેર અનુમોદના કરી. તેમના વિચાર અને જ્ઞાતિજનો પ્રત્યેના હેત ભાવની નોંધ લઈ અનુમોદના કરીએ છીએ.

## પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૧૦ વર્ષ પૂર્ણ કર્યા



કચ્છ પ્રદેશના અબડાસા પંથકના કોઠારા ગામના માવિત્ર દમયંતીબેન જયચંદ હીરજી લોડાયાના ધર્માનુરાગી સંસ્કારી પુત્રી વિક્રમ સંવત ૨૦૬૯ના પોષ સુદ ૧૨ તિથિ દિને મુલુંડ પૂર્વ નગર મધ્યે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી સંયમજીવનની શરૂઆત કરી અને ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.તરીકેની ઓળખ પામ્યા.

પૂજ્ય સાહેબ આ વર્ષે વિક્રમ સંવત ૨૦૭૯ના પોષ સુદી ૧૨ તિથિ દિને સંયમ જીવનની સફળ સફરનો એક દાયકાનો પ્રવાસ પૂર્ણ કરી ૧૧મા વર્ષમાં શુભ શુકનમય પ્રવેશ કર્યો. જપ, તપ, ધર્મ ભક્તિની પતાકા લહેરાવી ભક્તોનું જીવન મોક્ષ કલ્યાણ કરી રજત, સુવર્ણ, હીરક ઓળંગી શત વર્ષ પૂર્ણ કરે એ જ શુભકામના સાથે મંગળ વંદના.

## પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૬૫મા વર્ષમાં ભવ્યપણે પ્રવેશ કર્યો



કચ્છ તેરાના માવિત્ર માતુશ્રી મોંઘીબેન ડુંગરશીભાઈ દંડના ગુણીયલ પુત્રી વિક્રમ સંવત ૨૦૧૫ના પોષ સુદ તેરસના તિથિ દિને લાયજા ગામે પ.પૂ.મુનિરાજ શ્રી ચંદનસાગરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવનના પંથે વિચરણ પ્રારંભ કરી ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.ના નામે ઓળખ પામ્યા.

વિક્રમ સંવત ૨૦૭૯ના તેરસ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના ૬૪ વર્ષ પૂર્ણ કરી ૬૫મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો. ધર્મ, તપ, આરાધના સાથે તેમનું સંયમ જીવન અવિરતપણે આગળ વધી શતક વર્ષ શિખરે બિરાજે એ ગુરૂભક્તોની કામના ભાવના સાથે શત શત વંદના.

## અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદની જીવન ઉત્કર્ષ સાધના શિબિરની પૂર્ણાહૂતિ થઈ

ધ્યાનયોગી સાધના સમ્રાટ પ.પૂ.ગુરૂદેવ ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને ઓજસ્વી પ્રવચનકાર યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં બંજારા હિલ્સમાં યોજાયેલી જીવન ઉત્કર્ષ સાધના શિબિરની તા.૧ જાન્યુઆરી ૨૦૨૩ રવિવારે નવા વર્ષના પ્રથમ દિવસે મહા માંગલિક સાથે શિબિરની ભવ્ય રીતે ધામધૂમથી પૂર્ણાહૂતિ સંપન્ન થઈ.

## રચના મહિલા મંડળ દ્વારા આ વર્ષનો બીજો પ્રોગ્રામની આનંદભેર ઉજવણી થઈ

તા. ૭ જાન્યુઆરી શનિવારે મુલુંડ ચેકનાકામાં કશીશ પાર્ક ગાર્ડનમાં રચના મહિલા મંડળ દ્વારા આ વર્ષનો દ્વિતીય કાર્યક્રમ યોજાયો. મંડળના ૪૬ સભ્યોની હાજરીમાં નવકાર મંત્રથી શુભારંભ થયો.

કમિટી સભ્યોએ અવનવી હાઉઝી રમાડી જેમાં બધાએ ખૂબ જ મજા માણી. લકી ડ્રો કાઢતા પાંચ સભ્યો વિજેતા થયા. ગાર્ડન ખૂબ જ સરસ છે. સેલ્ફી પોઈંટ પાસે બધાએ મન ભરીને દિલથી ફોટા પાડ્યા. અંતમાં બધાને નાસ્તાના પેકેટ અપાયા. સહુ સભ્યો હરખાતા હરખાતા છૂટા પડ્યા.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

# અંતરજાળમાં મહાવીરનગરના વિમલનાથ જિનાલયની ૧૦મી વર્ષગાંઠના ધ્વજા મહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ





આદિપુર અંતરજાળનાં મહાવીરનગર મધ્યે શ્રી વિમલનાથ જિનાલયની ૧૦મી વર્ષગાંઠની ઉજવણી શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર દ્વારા અજોડ શાસન પ્રભાવક સળંગ બાવીસમા વર્ષીતપના આરાધક પરમ પૂજય આચાર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય મુનિરાજ શ્રી કલ્પતરૂસાગરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય સાધ્વી શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય સાધ્વી શ્રી અનંતયશાશ્રીજી મહારાજ સાહેબ ની શુભપાવન નિશ્રામાં ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિમાં ધાર્મિક આરાધનાઓ સાથે કરાઇ હતી. માતુશ્રી ભચીબાઇ પદમશી ખીયશી લોડાયા હસ્તે અ.સૌ. જયાબેન શાંતીલાલ લોડાયા મુળ ગામ સાંયરા હાલે ગાંધીધામ- મુલુંડ પરિવારે સ્વદ્રવ્યથી આ જિનાલયનું નિર્માણ કરાવી શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુરને અર્પણ કરેલ, ત્યારથી આ જિનાલયની વર્ષગાંઠ નિર્માણ દાતાશ્રી પરિવાર દ્વારા ઉજવાતી આવે છે. જિનાલયની ૧૦મી ધ્વજા રોહણ પ્રસંગે સતરભેદી પૂજા યોજાઇ હતી. ત્યાર બાદ શ્રી વિમલનાથ જિનાલયનાં શ્વેત



શિખરો ઉપર ધ્વજા રોહણ કરવામાં આવેલ. આ પ્રસંગે શાસ્ત્રોક્તવિધિવિધાન શ્રી રાજાભાઇ નંદુએ જયારે સંગીતની રમઝટ નીશાબેન સંઘવી એન્ડ પાર્ટીએ જમાવેલ. અલ્પા મિહિર દયાણીએ ચામર નૃત્યની રમઝટ જમાવેલ. આ પ્રસંગે શાંતિલાલભાઇ લોડાયા, વીરચંદભાઇ લોડાયા, રાજુભાઇ જૈન, રોહિતભાઇ સંગોઇ, વિજયભાઇ સાવલા, ઘનશ્યામભાઇ ગોયલ, પારસમલ નાહટા, મહેન્દ્રભાઇ, રાધેશ્યામભાઇ, યશવંતભાઇ, મહેશભાઇ લાલકા, લહેરચંદ ખોના, પ્રદિપ ખોના, મિતેશ ધરમશી, કેતન મોમાયા, પ્રતાપ મોતા, અરવિંદ મોતા, મિહિર દયાણી, ઝવેરચંદ ખોના, પ્રબોધ મુનવર, નિરંજન લોડાયા, મણીલાલ લોડાયા, પંકજ ધરમશી, ગિરીશ લોડાયા, કલ્પેશ નાગડા, પ્રેમચંદ મોમાયા, પ્રવિણભાઇ દંડ, દિનેશ પટેલ, પુટુભા જાડેજા, ચન્દ્રકાન્ત ગોર, વસંત ગોર, રાકેશ ધરમશી, કાંતિલાલ મોતા, રાજા નાગડા તથા શ્રાવક- શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રભુ ભક્તિમાં જોડાયા હતા. બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી ભચીબાઇ પદમશી લોડાયા હસ્તે જયાબેન શાંતીલાલ લોડાયા પરિવાર દ્વારા યોજાયું હતું. વ્યવસ્થા શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર તથા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન ગાંધીધામ તથા સર્વે કાર્યકર ભાઇ-બહેનોએ સંભાળી હતી.

# શ્રી શંત્રુજ્ય ગિરનાર છ'રી પાલિત સંઘમાં સંગીતમય સથવારે શ્રી વિરાટ નવકાર જાપ અનુષ્ઠાન સંપન્ન થયા



શ્રી આદિ ઘંટાકર્ણ ભક્તિ મંડળ આયોજિત શ્રી શંત્રુજ્ય ગિરનાર છ'રિ પાલિત સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં યુવા વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સંગીતમય સથવારે શ્રી વિરાટ નવકાર જાપ અનુષ્ઠાન તા.૩ જાન્યુઆરી મંગળવારના ધર્મભાવ સાથે ઉલ્લાસપૂર્વક સંપન્ન થયા.








NATIONAL
YUVA KDO
OLYMPICS
List Of Team Games
• Tug of War
• Memory Card Game
• Lagori
• Treasure Hunt
• Spider Web
• Flip Tic Tac Toe (Relay)
• Relay Race
• Square Ball
• Quiz Contest
• 3-Legged Football
• Takeshi's Castle
• Sport's Villa
• Kho Kho
Age: 16-35 yrs
4th - 5th Feb 2023
Venue - Offshorts Turf,
Nirmals Lifestyle, Mulund
Hemil Jayesh Dand
Chairman
9819985339
Kunal Tilakchand Dagha
Trustee, Convener
7567118599
Ekta Udayan Lodaya
Event-Convener
9769502277
Urvesh Bharat Chheda
Event-Convener
9022023778

# કેડીઓ ઓલિમ્પિક્સ માટે રજિસ્ટ્રેશનની છેલ્લી તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૩

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની યુવા સમિતિ દ્વારા તા.૪ ફેબ્રુઆરી શનિવાર અને તા.૫ ફેબ્રુઆરી રવિવારના ઉંમર વર્ષ ૧૬ થી ૩૫ સુધીના કેડીઓ યુવક-યુવતીઓ માટે ઓફ શોર્ટસ ટર્ફ, નિર્મલ લાઈફ સ્ટાઈલ મુલુંડ મધ્યે નેશનલ યુવા કેડીઓ ઓલિમ્પિક્સનું આયોજન કરાયું છે.**

Youth United for Vision and Action ના વિઝન સાથે જ્ઞાતિના યુવાઓને જોડતી સમસ્ત મહાજનની યુવા સમિતિ યુવાનોમાં ભ્રાતૃભાવ, સંગઠન અને હળવા મળવાનું વધે સાથે ખેલદિલી વિકસી એ માટે સમગ્ર દેશના કેડીઓ યુવાઓ આ માટે રજિસ્ટ્રેશન કરાવી કેડીઓ ઓલિમ્પિક્સમાં સહભાગી થઈ શકશે. અત્યાર સુધી **૧૦૦ રજિસ્ટ્રેશન થઈ ગયા છે અને રજિસ્ટ્રેશન માટેની અંતિમ તા.૧૨ જાન્યુઆરી ગુરૂવાર** સુધીની કરાઈ છે.

SHREE SAMAST KDO JAIN MAHAJAN

YUVA

YOUTH UNITED FOR VISION AND ACTION

**સંઘમાતા દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા, સાંયરા-ઉજ્જૈન** સ્પોર્ટસ આયોજનના ટાઈટલ સ્પોન્સર્સ છે. યુવા ઓલિમ્પિક્સમાં રમાનારી ગેમ છે.

**ક્લીક કરીને આ ફોર્મ ભરે**

Tug of war • Memory card game • Lagori • Treasure Hunt • Spider Web • Flip Tic Tac Toe (Relay) • Relay Race • Square Ball • Quiz Contest • 3-Legged Football • Takeshi's Castle • Sport's Villa • Kho Kho.

દરેક એકમમાંની ટીમો આ ભાગ લઈ શકે છે. રજિસ્ટ્રેશન અને વધુ વિગત માટે રિજન મુજબ કોન્ટેક્ટ કરવો.

**મહારાષ્ટ્ર રિજન :** ઉર્વેશ દંડ-8698502783, રાશિ છેડા-9503023535

**મુંબઈ રિજન :** લબ્ધિ લોડાયા-9757296740, ભવ્યા દંડ-9326738045

**દક્ષિણ રિજન :** મીત લુઠિયા-9986081028, ગૌતમ લોડાયા-8848784634

**ઉત્તર રિજન :** વૈભવ ખોના-9669113399, પૂર્વેશ લોડાયા-9630063265

**પશ્ચિમ રિજન :** ગુંજલ લોડાયા-9099981373, વિરલ મોતા-9423720576

**કચ્છ રિજન :** શ્રુત દંડ-7400282981, નયન લોડાયા-9978691295

કેડીઓ યુવાના માર્ગદર્શક કર્ણધાર ચેરમેન **હેમિલ જયેશ દંડ-9819985339**, ટ્રસ્ટી-કન્વીનર **કુણાલ તિલકચંદ ડાધા-7567118599** અને ઈવેન્ટ કન્વીનર **એકતા ઉદયન લોડાયા-9769502277 અને ઉર્વેશ ભરત છેડા-9022023778** છે.

**YouTube માટે ક્લીક કરો**


NATIONAL
YUVA KDO
OLYMPICS
Teams from all Ekkam
to participate
Contact for Details & Registration
Maharashtra Region
Urvesh Dand - 8698502783
Rashi Chheda - 9503023535
Uttar Region
Vaibhav Khona - 9669113399
Purvesh Lodaya- 9630063265
Mumbai Region
Labdhi Lodaya - 9757296740
Bhavya Dand - 9326738045
Paschim Region
Gunjal Lodaya - 9099981373
Viral Mota- 9423720576
Dakshin Region
Meet Luthia - 9986081028
Gautam Lodaya - 8848784634
Kutch Region
Shrut Dand - 7400282981
Nayan Lodaya - 9978691295
Age: 16-35 yrs
4th - 5th Feb 2023
Venue - Offshorts Turf,
Nirmals Lifestyle, Mulund
Hemil Jayesh Dand
Chairman
9819985339
Kunal Tilakchand Dagha
Trustee, Convener
7567118599
Ekta Udayan Lodaya
Event-Convener
9769502277
Urvesh Bharat Chheda
Event-Convener
9022023778

# નાંદેડ સંઘમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયે ૧૮ અભિષેક અનુષ્ઠાન સંપન્ન થયા






મહારાષ્ટ્ર રાજ્યના મરાઠાવાડા વિભાગના નાંદેડ નગર સંઘના શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયે ૧૮ અભિષેકના અનુષ્ઠાન વિધિકાર પ્રવીણ સાવલાના સથવારે ધર્મ ભક્તિ આનંદ ભાવ સાથે યોજાયા. ઉપસ્થિત ભાવિકજનો આ ધર્મ આરાધનાનો ભવ્ય લાભ લઈ અને ધન્ય થયાં હતાં.






## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન ભુજ દ્વારા તપસ્વીઓનું બહુમાન કરાયું









શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન ભુજ દ્વારા મહાકાળી માતાજીની ભાવના, સમૂહ ક્ષમાપના, તપસ્વીઓનું બહુમાન તથા નવા વર્ષનું સ્નેહમિલન કાર્યક્રમ એકમ ભવન ભુજ મધ્યે યોજાયા હતા.

મહાકાળી માતાજીની ભાવનામાં દિલીપ મોતા, લલીત ડાઘા, ગીતાબેન લોડાયા, જયાબેન મુનવર, હર્ષા શાહ, અમીતા જૈન, માલતી ડાઘાએ સ્તવનોની રમઝટ જમાવેલ.

પ્રારંભે મહાજનનાં પ્રમુખ શ્રી પ્રબોધ મુનવરે સ્વાગત પ્રવચન કરી મહાજનશ્રી દ્વારા થયેલા કાર્યોની માહિતી આપી હતી.પર્યુષણ મહાપર્વ દરમ્યાન વિવિધ તપસ્યાઓ કરનાર સમાજનાં ભાઇ-બહેનોનું મહાજનશ્રી દ્વારા બહુમાન કરવામાં આવેલ.

આ અવસરે સંધ્યા ભોજન માતુશ્રી હીરાબેન ડુંગરશી મોમાયા હસ્તે પ્રીતિબેન મોમાયા દ્વારા યોજાયું હતું. મહાજનશ્રી દ્વારા પ્રીતિબેન મોમાયાનું સન્માન કરવામાં આવેલ.

ઝવેરચંદભાઇ બોરીચા, ઠાકરશીભાઇ મૈશેરી, તારાચંદભાઇ લોડાયા, ખુશાલ લોડાયા, હરીશ લોડાયા, મહેન્દ્ર લોડાયા, મુલચંદ મુનવર, હીરેન પોલડીયા, બિપિન દંડ, ઝવેરચંદ ખોના, કાન્તીલાલ પોલડીયા, કિરણ નાગડા, હેમંત મોમાયા, ઉદય વિકમશી, પ્રીતિબેન મોમાયા, જ્યોતિબેન વિકમશી, ગીતાબેન લોડાયા, રચના સોની, જયાબેન મુનવર, અનીલાબેન વિકમશી, દમયંતિબેન મોતા, જયુબેન શાહ, ડીમ્પલ ધરમશી, દિપાલી સાયલા, લેખાબેન લોડાયા, કાન્તાબેન મુનવર, દુલ્હારી નાગડા સહિત સમાજનાં ભાઇ-બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વ્યવસ્થા હીરાચંદ છેડા, તુષાર જૈન, અભય ધરમશી, દિપેશ શાહ, મુકુંદ લોડાયા, મનીષ ધરમશી, જય લાપસીયા, રાહુલ દંડ, નિરવ મોતા, જીગેશ મુનવર, હર્ષ છેડાએ સંભાળી હતી.

# અચુપના સથવારે જીવન ઉત્કર્ષ સાધના શિબિરમાં નવા વર્ષની પૂર્વ સંધ્યાએ મહાકાળી માતાજીની ભક્તિ ભાવના ભણાવાઈ

ધ્યાનયોગી સાધના સમ્રાટ પ.પૂ.ગુરૂદેવ ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને ઓજસ્વી પ્રવચનકાર યુવા મુનિ શ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં બંજારા હિલ્સ મધ્યે અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદ અચુપના સથવારે જીવન ઉત્કર્ષ સાધના શિબિરમાં તા.૩૧ ડિસેમ્બર શનિવારના રાતે અને નૂતન વર્ષ ૨૦૨૩ની પૂર્વ સંધ્યાએ અચલગચ્છ અધિષ્ઠાયિકા મહાકાળી માતાજીની ભક્તિ ભાવના શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપએ ભણાવી હતી. જેની ધર્મભક્તિની રમઝટમાં સૌ રસતરબોળ થઈ ગયા હતા.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**જયાલક્ષ્મી લોડાયા**

તા.૩ જાન્યુઆરી (ઉ.૫૮)

નલિયા-કોચીન



**વિજય સોની**

તા. ૫ જાન્યુઆરી (ઉ.૫૨)

વાંકુ-ઔરંગાબાદ



**શોભના મહેતા**

તા.૫ જાન્યુઆરી (ઉ.૬૦)






**સોમચંદ લોડાયા**

તા.૫ જાન્યુઆરી (ઉ.૭૪)

ભરૂડીયા-ભરૂડીયા



**નવીન ધરમશી**

તા.૭ જાન્યુઆરી (ઉ.૬૮)

સુથરી-અગાસ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છમાં કુદરતી ઉર્જા ક્ષેત્રે વધુ એક સિધ્ધિનું સોપાન ઉમેરાયું છે. મુંદરાના કાંઠા નજીક અદાણી જૂથ દ્વારા ભારતની સૌથી મોટી વિન્ડટર્બાઇન, પવનચક્કીની સ્થાપના કરવામાં આવી છે. આ પવન ચક્કીની ઊંચાઈ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી કરતાં પણ ઊંચી છે. ૨૦૦ મીટર ઊંચાઈની ટર્બાઈનની ક્ષમતા ૫.૨ મેગાવોટ ઊર્જાની છે જે લગભગ ચાર હજાર ઘરને અજવાળી શકે છે. ઊર્જા અને રોટર ડાયામીટર એમ બંન્ને રીતે તે સૌથી મોટી છે. લગભગ ૪૦ માળ જેટલી તેની ઊંચાઈ છે જે ભારતમાં આ પ્રકારની પહેલી છે અને વિન્ડ ટુ એનર્જી ટેકનોલોજીથી બની છે.

● રાષ્ટ્ર સેવા માટે દરેક વ્યક્તિને તરતા આવડવું જરૂરી હોવાની નેમ સાથે ભુજના ૬૮ વર્ષીય નિવૃત્ત નાગરિક સુરેશભાઈ વણોલ નિવૃત્ત પછીના જીવનમાં રાષ્ટ્રસેવા માટે ભુજના હમીરસરમાં તરવૈયાઓ તૈયાર કરી રહ્યાં છે. ગમે ત્યારે કોઈ કુદરતી આફત કે પૂર આવે તો તરતા આવડવું જોઈએ. તો જ પોતે બચે અને અન્યને બચાવી શકે. સુરેશભાઈ દરરોજ વહેલી સવારે ૭ વાગે લાઈફ જેકેટ અને હાથવગા સાધનો લઈને હમીસર તળાવે રાજેન્દ્ર પાર્ક પુલિયા પાસે પહોંચી આવે છે. જે કોઈપણ સ્વેચ્છાએ તરવાનું શીખવા તૈયાર હોય તેમને તરવાની તાલીમ આપે છે. ચાલુ વર્ષે હમીસર તળાવ છલકાઈ જતાં આજ સુધી ૧૫ થી વધુ તરવૈયાઓ તૈયાર કરી દીધા છે. છેલ્લા ઘણા વર્ષોથી આ રીતે સેવા કરી સેંકડો તારું ઓને તૈયાર કરી દીધા છે. તેમના પિતા પણ ૫૦ વર્ષ સુધી આ જ રીતે તરવાની તાલીમ આપતા હતા. સુરેશભાઈ પાસે ૧૦ વર્ષના બાળકથી લઈને ૬૦ વર્ષના વૃધ્ધ પણ તરવાની તાલીમ માટે આવે છે. કોઈપણ જાતના સ્વાર્થ કે પ્રસિધ્ધિની અપેક્ષા વગર તેઓ સૌને નિઃસ્વાર્થી ભાવે તરવાનું શીખવાડીને ખરા અર્થમાં રાષ્ટ્ર સેવા કરી રહ્યાં છે.

● ભુજના ૮૩ વર્ષીય કુંજલતાબેન સાવલા ભુજ ઈંગ્લિશ સ્કૂલમાં ૩૪ વર્ષની શિક્ષિકાની કારકિર્દી બાદ પોતાના સંતાનોને ગુમાવાની પીડા ભૂલાવી રામાયણ ચિત્રાવલી કચ્છી કલાના સમન્વય સાથે કેન્વાસ પર ઉતારે છે. જે મધુબની શૈલીની તર્જ પર હોય છે. રામાયણના ૨૦ પ્રસંગને ૨૦ ચિત્રમાં ગણેશવંદનાથી રામ રાજ્યાભિષેક સુધી વિસ્તરેલા છે. તેમણે વર્ષો પહેલાં ઈન્નરવ્હીલ કલબની સ્પર્ધામાં દોરેલું ચિત્ર આંતરરાષ્ટ્રીય સ્તરે પહેલાં ક્રમે આવ્યું હતું. જેની લીલામી કરીને તૂર્કીની તૂટેલી શાળાનું પુનરોથ્થાન કરાવ્યું હતું.

● ભુજમાં ભૂકંપ પહેલાં જે વિસ્તારનું સ્થાન હૃદય સમું હતું તેવા નાગર ચકલા વિસ્તારને છથી સાત દાયકાના પહેલાંના સંસ્મરણો સાથે ઉતારી પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરાયા બાદ ભુજના સુનીલ માંકડ લિખિત પુસ્તક નાગર ચકલો પુસ્તકને વિશ્વની સૌથી મોટી અમેરિકા સ્થિત લાયબ્રેરીમાં સ્થાન અપાયું છે. પહેલી આવૃત્તિ માત્ર ચાર પાંચ મહિનામાં જ વિતરીત થઈ ગયા બાદ બીજી આવૃત્તિ પ્રગટ થવાની તૈયારીઓ ચાલે છે. આ પુસ્તકને વિશ્વની સૌથી મોટી વોશિંગ્ટન ડી સી અમેરિકા સ્થિત લાયબ્રેરી ઓફ કોંગ્રેસ દ્વારા પસંદ કરાતા એક નાનકડા શહેરના એક વિસ્તાર પર જ લખાયેલા કોઈ પુસ્તકને સ્થાન મળ્યાની ઘટના બની છે. આ પુસ્તકની માંગ કચ્છ ઉપર સંશોધન કરતાં પીએચડીના વિદ્યાર્થીઓ પણ કરી રહ્યાં છે. કારણ કે તેમાં ભૂકંપ પહેલાંના ભુજના વિસ્તારનું તાદૃશ વર્ણન કરવામાં આવ્યું છે.

● દેશી ગાયના ગોબરમાંથી બનતી મોબાઈલ ચિપ્સને આંતરરાષ્ટ્રીય પેટન્ટ મળી છે. ભુજ તાલુકાના કુકમા ગામે ગૌ વિજ્ઞાન માટે સર્મપિત સંસ્થા રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા ૨૦૧૬માં આ ઉત્પાદન માટે પેટન્ટ ફાઈલ કરાઈ હતી જેને સરકારની અને વિજ્ઞાનની મહોર મળી છે. પ્રથમ વાર ગોબર એન્ટી રેડિયેશન ચીપ્સનું નિર્માણ કરવામાં આવ્યું હતું. કુકમા સ્થિત સંસ્થામાં દેશી ગાયના પંચગવ્યમાંથી ૧૦૦ કરતા વધારે પ્રોડક્ટસ બનાવવામાં આવે છે. એટલું જ નહીં તેની નિઃશુલ્ક તાલીમ પણ અપાય છે. જેનો લાભ સેંકડો યુવાનો લઈ ચૂક્યા છે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)